**સુરત મહાનગરપાલિકાની ખડી સમિતિની તા.૦૨–૦૯–૨૦૨૪ ના રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતોઃ–**

:: :: ::

મ્યુ.કમિશનરશ્રીના તા.૦૨–૦૮–૨૦૨૪ ના પત્ર નં.સી.મી.સ./૯/૧ થી વિદિત થઈ, સુરત મહાનગરપાલિકાની(કોડ–૯૧) ચીફ ફાયર ઓફીસરની ખાલી બિનઅનામતની ૦૧ જગ્યા ઉપલબ્ધ ઉમેદવારોમાંથી સીધી ભરતીથી ભરવા પસંદગી/પ્રતિક્ષા યાદી તૈયાર કરવા વિવિધ દૈનિક વર્તમાનપત્રોમાં સંક્ષિપ્ત જાહેરાત આપી લાયકાત પરિપુર્ણ કરતા અને ઈચ્છા ધરાવતા ઉમેદવારો પાસેથી મંગાવવામાં આવેલ ઓનલાઈન અરજીના સંદર્ભમાં આવેલ કુલ–૦૫ ઉમેદવારોની ઓનલાઈન અરજીઓ અંગે મ્યુ.કમિશનરશ્રીએ તેમના ઉકત પત્રથી રજુ કરેલ સઘળી માહિતી ધ્યાને લઈ, પુખ્ત ચર્ચા વિચારણા કર્યા બાદ ઉકત કામે નીચે મુજબના નિર્ણયો લેવામાં આવે છે.

(૧) દરખાસ્તના પેરા–૫(૧) માં જણાવ્યા મુજબ ફાઈલમાં સામેલ વેલીડ સીનોપ્સીસ પત્રક–૧ ના અનુક્રમ નંબર ૧ ના ઉમેદવાર જાહેરાતમાં જણાવ્યા મુજબની અને તેને સંલગ્ન નિયત શૈક્ષણિક લાયકાત અને લાયકાત મેળવ્યા બાદ જાહેરાતમાં દર્શાવ્યા મુજબનો અનુભવ ધરાવતા હોવાથી કુલ–૧ ઉમેદવારની અરજી માન્ય ગણી તેઓને તા.૨૦–૦૯–૨૦૨૪ ના રોજ સવારના ૧૧–૦૦ કલાકે સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરી ખાતે આવેલ "મા.મેયરશ્રીની કચેરી" માં ખડી સમિતિ સમક્ષ ઈન્ટરવ્યુ માટે રૂબરૂ હાજર રહેવા જણાવવાનું ઠરાવવામાં આવે છે.

(૨) દરખાસ્તના પેરા–૫(૨) માં જણાવ્યા મુજબ ફાઈલમાં સામેલ ઈનવેલીડ સીનોપ્સીસ પત્રક–૨ ના અનુક્રમ નંબર ૧ થી ૪ નાં કુલ–૪ ઉમેદવારો જાહેરાતમાં દર્શાવ્યા મુજબની શૈક્ષણિક લાયકાત ધરાવતા ન હોવાને કારણે અને/અથવા શૈક્ષણિક લાયકાત ધરાવતા હોય, પરંતુ લાયકાત મેળવ્યા બાદ જાહેરાતમાં દર્શાવ્યા મુજબનો અનુભવ ધરાવતા ન હોવાને કારણે અને/અથવા અનુભવ ઓછો હોવાના કારણે કુલ–૦૪ ઉમેદવારોની અરજીઓ અમાન્ય ગણી દફતરે કરવાનું ઠરાવવામાં આવે છે.

ઠરાવ નં.૧/૨૦૨૪ સર્વાનુમતે મંજુર.

================================

સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

સહી/–
ઈ.ચા. મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા. –૦૯–૨૦૨૪.

*HDU....*

INFORMATION PURPOSE ONLY

"This content is generated from www.suratmunicipal.gov.in for information purpose."